# પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ

## XX જુલાઇ, 2021 નાં રોજ સુધારેલ પીપીપી લોન માફી એપ્લિકેશન ફોર્મ 3508S

**ઉધાર લેનાર આ ફોર્મનો ઉપયોગ માત્ર તો જ કરી શકે છે જો ઉધાર લેનારે $150,000 અથવા ઓછી પીપીપી લોન મેળવી હતી.**

| વ્યાપારનું કાનુની નામ ("ઉધાર લેનાર") | | જો લાગુ હોય તો, DBA અથવા ટ્રેડનામ | |
|---|---|---|---|
| | | | |
| વ્યવસાયનું સરનામું | NAICS કોડ | વ્યવસાયનો TIN (EIN, SSN) | વ્યવસાયનો ફોન |
| | | | ( ) - |
| | | પ્રાથમિક સંપર્ક | ઈ-મેઇલ એડ્રેસ |
| | | | |

☐ **પ્રથમ ડ્રો પીપીપી લોન** ☐ **દ્વિતિય ડ્રો પીપીપી લોન** (એક ચેક કરો)

**SBA પીપીપી લોન નંબર:** ________________ ઉધાર આપનારનો પીપીપી લોન નંબર: ______________________

પીપીપી લોનની રકમ: ______________________ પીપીપી લોન વિતરણ તારીખ: ______________________

**પીપીપી લોનમાં વૃદ્ધિની રકમ (જો લાગુ પડે તો):** ____________ **પીપીપી લોનમાં વૃદ્ધિની તારીખ (જો લાગુ પડે તો):** _________

લોન અરજીનાં સમયે કર્મચારીઓ: ____________ માફી અરજીનાં સમયે કર્મચારીઓ: _____________

**આવરીત સમયગાળો:** ____________________ થી ____________________

પેરોલ ખર્ચાઓ પર ખર્ચેલ લોનની રકમ: _______________ વિનંતી કરેલ લોન માફી રકમ: ______________

**<u>નીચે હસ્તાક્ષર કરીને, તમે ઉધાર લેનાર વતી નીચેની રજૂઆતો અને પ્રમાણિકરણો કરો છો:</u>**

ઉધાર લેનારનાં અધિકૃત પ્રતિનિધિ દરેકની બાજુમાં **આદ્યાક્ષર** કરીને નીચેના તમામને પ્રમાણિત કરે છે.

_____ ઉધાર લેનારે સ્મોલ બિઝનેસ એક્ટનાં પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામનાં રુલ્સ (કલમો 7(a)(36), (7)(a)(37), અને 7A), પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રુલ્સ, અને આ એપ્લિકેશનની તારીખ સુધીમાં SBA દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શિકામાં રહેલી તમામ આવશ્યકતાઓનું અનુપાલન કર્યું છે, આ સંબંધિત બાબતો સહિત:

- પીપીપી લોન ઉપાર્જનોનાં લાયક ઉપયોગો;
- પ્રક્રિયા કરવામાં આવતી લોનની રકમ પેરોલ ખર્ચાઓ (SBA ફોર્મ્સ 2483-C અથવા 2483-SD-C નો ઉપયોગ કરીને લોન માટે અરજી કરી હોય તે ઉધાર લેનારા માટે પ્રોપરાઇટર ખર્ચાઓ સહિત) માટે જ ઉપયોગમાં લેવી આવશ્યક છે;
- ઉધાર લેનારનાં આવકનાં ઘટાડાની ગણતરી અને દસ્તાવેજીકરણ (જો લાગું પડતું હોય); અને
- ઉધાર લેનારની વિનંતી કરેલ લોન માફી રકમની ગણતરી.

આ આવશ્યકતાઓ સંબંધિત માહિતી ફોર્મ 3508S ની સૂચનાઓમાં અને પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામનાં નિયમોમાં શોધી શકાય છે.

_____ આ એપ્લિકેશનમાં પ્રદાન કરેલી માહિતી તમામ મહત્વની બાબતોમાં ખરી અને યોગ્ય છે. હું સમજું છું કે SBA-ગેરેંટીડ લોનની માફી મેળવવા માટે જાણીજોઈને ખોટું નિવેદન આપવું એ કાયદા હેઠળ સજાપાત્ર છે, જેમાં 18 USC 1001 અને 3571 હેઠળ પાંચ વર્ષથી ઓછી કેદની સજા અને/અથવા $250,000 સુધીનો દંડ; 15 U.S.C. હેઠળ બે વર્ષથી ઓછી કેદની સજા અને/અથવા $5,000 કરતા ઓછો દંડ; અને, જો સંઘીય વીમાવાળી સંસ્થામાં સબમિટ કરવામાં આવે તો, 18 USC 1014 હેઠળ ત્રીસ વર્ષથી ઓછી કેદની સજા અને/અથવા $1,000,000 કરતા ઓછો દંડ ફટકારવાનું સામેલ છે.

આ માફી માટેની એપ્લિકેશન સબમિટ કર્યા બાદ, ઉધાર લેનારે નોકરીનાં રેકોર્ડ્સ માટેનાં ચાર વર્ષ માટેનાં પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ રુલ્સ સાથેનાં અનુપાલનને સાબિત કરવા જરૂરી તમામ રેકોર્ડ્સ અને તમામ અન્ય રેકોર્ડ્સ માટે ત્રણ વર્ષો માટે જાળવી રાખવા અનિવાર્ય છે. પીપીપી લોન માટે અને લોન માફી માટે ઉદાર લેનારની લાયકાતનું મૂલ્યાંકન કરવાનાં હેતુંઓ માટે SBA વધારાની માહિતીની વિનંતી કરી શકે છે, અને SBA દ્વારા વિનંતી કરેલી માહિતી પ્રદાન કરવામાં ઉધાર લેનારની નિષ્ફળતા એ નિર્ણય લેવામાં પરિણમી શકે છે કે ઉધાર લેનાર પીપીપી લોન માટે ગેરલાયક હતા અથવા ઉધાર લેનારની લોન માફી અરજી નકારવામાં પરિણમી શકે છે.

લોન માફી માટેની ઉધાર લેનારની લાયકાતનું મૂલ્યાંકન પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ રુલ્સનાં અનુપાલનમાં કરવામાં આવશે. જો SBA નિર્ણય લે કે ઉધાર લેનાર પીપીપી લોન માટે ગેરલાયક હતા, તો SBA દ્વારા ઉધાર આપનારને ઉધાર લેનારની લોન માફીની અરજી નામંજુર કરવા નિર્દેશિત કરી શકાય છે.

______________________________ ______________________
ઉધાર લેનારનાં અધિકૃત પ્રતિનિધિનાં હસ્તાક્ષર તારીખ

______________________________ ______________________
મુદ્રિત નામ શીર્ષક

## પીપીપી બોરોઅર ડેમોગ્રાફિક ઇન્ફર્મેશન ફોર્મ (વૈકલ્પિક)

**સૂચનાઓ**

1. **હેતુ.** વેટરન/લિંગ/જાતિ/વંશીયતાનો ડેટા માત્ર પ્રોગ્રામ રિપોર્ટિંગ હેતુઓ માટે જ એકત્રિત કરવામાં આવે છે.
2. **વિવરણ.** આ ફોર્મ ઉધાર લેનારનાં પ્રત્યેક પ્રિન્સિપાલ અંગેની માહિતીની વિનંતી કરે છે. જો જરૂર હોય તો વધારાની શીટ્સ ઉમેરો.
3. **પ્રિન્સિપાલની વ્યાખ્યા.** શબ્દ "પ્રિન્સિપાલ" નો અર્થ છે:
   - સ્વ-રોજગારવાળી વ્યક્તિ, સ્વતંત્ર ઠેકેદાર અથવા એકમાત્ર માલિક, સ્વ રોજગારવાળી વ્યક્તિ, સ્વતંત્ર ઠેકેદાર અથવા એકમાત્ર માલિક.
   - પાર્ટનરશિપ માટે, ઉધાર લેનારની ઇક્વિટીનાં 20% અથવા વધારેની માલિકી ધરાવતા તમામ જનરલ પાર્ટનરો અથવા તમામ લિમિટેડ પાર્ટનરો, અથવા એવો કોઇપણ પાર્ટનર જે ઉધાર લેનારનાં વ્યાપારનાં વ્યવસ્થાપનમાં સામેલ હોય.
   - કોર્પોરેશન માટે, ઉધાર લેનારનાં 20% અથવા વધારેનાં તમામ માલિકો, અને દરેક અધિકારી અને ડાઇરેક્ટર.
   - મર્યાદિત જવાબદારીવાળી કંપની માટે, ઉધાર લેનારનાં 20% અથવા તેથી વધુ ધરાવતા તમામ સભ્યો, અને દરેક અધિકારી અને ડિરેક્ટર.
   - ઉધાર લેનારની દૈનિક કામગીરીઓ મેનેજ કરવા માટે ઉધાર લેનાર દ્વારા નોકરી પર રાખવામાં આવેલા કોઇપણ વ્યક્તિ ("કી એમ્પલોઈ").
   - (જો ઉધાર લેનારની માલિકી ટ્રસ્ટ ધરાવતું હોય તો) કોઈપણ ટ્રસ્ટર.
   - બિન-લાભકારી સંસ્થા માટે, ઉધાર લેનારનાં અધિકારીઓ અને ડિરેક્ટર.
4. **પ્રિન્સિપાલનું નામ.** પ્રિન્સિપાલનું સંપૂર્ણ નામ દાખલ કરો.
5. **પ્રિન્સિપાલનું પદ.** પ્રિન્સિપાલનો હોદ્દો ઓળખો; ઉદાહરણ તરીકે, સ્વ-રોજકાર વ્યક્તિ; સ્વતંત્ર ઠેકેદાર; એકમાત્ર માલિક; જનરલ પાર્ટનર; માલિક; અધિકારી; નિદેશક; સભ્ય; અથવા કી એમ્પલોઇ.

| પ્રિન્સિપાલનું નામ | પ્રિન્સિપાલનું પદ |
|---|---|
| | |

| | નીચે પ્રતિસાદ પસંદ કરો: |
|---|---|
| વેટરન | □ નોન વેટેરન; □ વેટેરન; □ સેવા-અસક્ષમ કરેલ વેટેરન; □ વેટેરનનાં જીવનસાથી; □ જાહેર નહીં કરેલ |
| લિંગ | □ પુરુષ; □ મહિલા; □ જાહેર નહીં કરેલ |
| વર્ણ (1 કરતા વધારે પસંદ કરી શકાય છે) | □ અમેરિકન ઇન્ડિયન અથવા અલાસ્કાના વતની; □ એશિયન; □ અશ્વેત અથવા આફ્રિકન-અમેરિકન; □ નેટિવ હવાઇઅન અથવા પેસિફિક આઇસલેન્ડર; □ શ્વેત □ જાહેર નહીં કરેલ |
| વંશીયતા | □ હિસ્પેનિક અથવા લેટિનો; □ બિન હિસ્પેનિક અથવા લેટિનો; □ જાહેર નહીં કરેલ |

**જાહેર કરવું સ્વૈચ્છિક અને લોન માફી નિર્ણય પર દિશાસ્થિતિ નહીં ધરાવે**

**પેપરવર્ક રિડક્શન અધિનિયમ** – જ્યાં સુધી તે હાલમાં માન્ય OMB કન્ટ્રોલ નંબર પ્રદર્શિત ન કરે ત્યાં સુધી તમારે માહિતીના આ એકત્રિકરણને પ્રતિભાવ આપવાની આવશ્યકતા નથી. જરૂરી ડેટા એકત્રિત કરવા સહિત, આ અરજી પૂર્ણ કરવા માટેનો અંદાજિત સમય 15 મિનિટનો છે. આ સમય અથવા વિનંતી કરેલી માહિતી વિશેની ટિપ્પણીઓ નાના બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ડિરેક્ટર, રેકોર્ડ્સ વ્યવસ્થાપન ડિવિઝન, 409 3rd St., SW, વૉશિંગ્ટન DC 20416, અને/અથવા SBA ડેસ્ક ઑફિસર, ઑફિસ ઑફ વ્યવસ્થાપન એન્ડ બજેટ, ન્યૂ એક્ઝિક્યુટિવ ઑફિસ બિલ્ડિંગ, વૉશિંગ્ટન DC 20503 ને મોકલવું જોઇએ. કૃપા કરીને આ સરનામાંઓ પર પત્રકો મોકલશો નહીં.

## ઉધાર લેનારાઓ માટે પીપીપી લોન માફી એપ્લિકેશન ફોર્મ 3508S સૂચનાઓ

નીચે આપેલી સૂચનાઓ અને તમારા ધીરાણકર્તાએ આપેલા નિર્દેશોને અનુરૂપ, તમે (ઉધાર લેનાર) **SBA**ના પેચેક પ્રોટેક્શન પ્લેટફોર્મ **(**SBA પ્લેટફોર્મ)માં આ **SBA** ફોર્મ **3508**S ઇલેક્ટ્રોનિક **રીતે પૂરું કરીને અથવા તમારા ધીરાણ કરનારાને ઇલેક્ટ્રોનિક રીતે અથવા કાગળ પર આ SBA** ફોર્મ **3508**S (અથવા ધીરાણ કર્તાનું સમકક્ષ ફોર્મ**)** પૂરું કરીને માફી માટે અરજી કરી શકો છો.

તમે આ SBA ફોર્મ 3508S નો ઉપયોગ કરીને તમારી પ્રથમ અથવા દ્વિતિય ડ્રો પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (પીપીપી) લોનની માફી માટે માત્ર તો જ અરજી કરી શકો છો જો ઉધાર આપનાર પાસેથી તમને વ્યક્તિગત પ્રથમ અથવા દ્વિતિય ડ્રો પીપીપી લોન માટે મળેલી લોન રકમ $150,000 અથવા ઓછી હતી. જો તમે આ ફોર્મનો ઉપયોગ કરવા લાયક ન હોવ, તો તમારી પીપીપી લોનની માફી માટે તમારે SBA ફોર્મ 3508 અથવા 3508EZ (અથવા ઉધાર આપનારનાં સમતુલ્ય ફોર્મ) નો ઉપયોગ કરીને અરજી કરવી અનિવાર્ય છે. દરેક પીપીપી લોન માટે અલગ લોન માફી એપ્લિકેશન ફોર્મનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. તમે પ્રથમ અને દ્વિતિય ડ્રો પીપીપી લોન એમ બન્નેની માફી માટે અરજી કરવા માટે એક ફોર્મનો ઉપયોગ કરી શકતા નથી.

SBA ફોર્મ 3508S માટે લાયક ઉધાર લેનારાઓ માટે ઓછી ગણતરીઓ અને ઓછા દસ્તાવેજીકરણની આવશ્યકતાઓ પડે છે. SBA ફોર્મ 3508S માટે ઉધારર લેનારાઓને તેઓની લોન માફી રકમ નક્કી કરવા વપરાતી ગણતરીઓ બતાવવાની આવશ્યકતા નથી. જોકે, SBA તેની લોન સમીક્ષા અથવા ઓડિટ પ્રક્રિયાઓનાં ભાગ રૂપે તે ગણતરીઓની સમીક્ષા કરવા માટે માહિતી અને દસ્તાવેજોની વિનંતી કરી શકે છે.

જો આ માફી એપ્લિકેશનને 8 ઓગસ્ટ, 2020 પર અથવા પહેલા મંજુર કરવામાં આવેલી પ્રથમ ડ્રો પીપીપી લોન માટે સબમિટ કરવામાં આવી રહી હોય અને તમારે નિયંત્રિત હિતનું SBA ફોર્મ 3508D ડિસ્ક્લોઝર સબમિટ કરવાની આવશ્યકતા હોય, તો તે ડિસ્ક્લોઝર આ લોન માફી એપ્લિકેશન સબમિટ કર્યા બાદનાં 30 દિવસની અંદર ઉધાર આપનાર પાસે અથવા SBA પ્લેટફોર્મ દ્વારા સબમિટ કરવું અનિવાર્ય છે. 6 જાન્યુઆરી, 2021 નાં રોજ પોસ્ટ કરેલ SBA નાં ઇન્ટરિમ ફાઇનલ રૂલની પેટાકલમ B.16 જુઓ (86 FR 3692), સુધાર્યા અનુસાર.

જો આ માફી અરજી દ્વિતિય ડ્રો પીપીપી લોન માટે સબમિટ કરવામાં આવી રહી હોય અને તમે અગાઉ તમારી અરજી પર સહાયક આવક ઘટાડા પ્રમાણીકરણ દસ્તાવેજો તમારા ધીરાણ કર્તા પાસે સબમિટ ના કરાવ્યા હોય તો, વધારાના પગલાંની જરૂર પડી શકે છે. તમારી આવક ઘટાડાના સહાયક પ્રમાણીકરણના વધારાના દસ્તાવેજ તમારે પૂરાં પાડવાની જરૂર છે કે નહીં તે નક્કી કરવા માટે તમારી પીપીપી લોનને કોવિડ રેવેન્યૂ રિડક્શન સ્કોર (સ્કોર) ફાળવવામાં આવશે. જો તમે SBA પ્લેટફોર્મની મદદથી માફી માટે અરજી કરી રહ્યાં હોવ તો, જ્યારે તમારી પીપીપી લોન સાથે સંકળાયેલ સ્કોર માટે જરૂર પડશે ત્યારે તમને આપમેળે દસ્તાવેજીકરણ માટે જાણ કરવામાં આવશે. જો તમે તમારા ધીરાણ કર્તા દ્વારા માફી માટે અરજી કરી રહ્યાં હોવ તો, જો અગાઉ તમારી આવકમાં ઘટાડાના પ્રમાણીકરણના સહાયક દસ્તાવેજ પૂરાં પાડવામાં ના આવ્યા હોય તો જ્યારે તમારા સ્કોર માટે જરૂર પડશે ત્યારે તમારા ધીરણ કર્તા તમને તે પૂરાં પાડવાની સલાહ આપશે.

જો તમારા ધીરણકર્તાએ તમને SBA પ્લેટફોર્મ દ્વારા ઇલેક્ટ્રોનિક માધ્યમથી તમને આ અરજી પૂરી કરવાની સલાહ આપી હોય તો, તમારે સૌથી પહેલા SBA પ્લેટફોર્મથી એકાઉન્ટ માટે નોંધણી કરાવવી આવશ્યક છે. જો SBA પ્લેટફોર્મ તમારી ઓળખ માન્ય ના કરી શકે (ઉદા. જો, માલિકીમાં ફેરફાર અંગે જાણ ના કરવામાં આવી હોય), તો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકશો નહીં અને તેના બદલે તમારે સીધા જ તમારા ધીરાણ કર્તા પાસે તમારી માફી અરજી સબમિટ કરાવવાની આવશ્યક રહેશે. જો તમે SBA પ્લેટફોર્મ દ્વારા તમારી માફી અરજી દાખલ કરી રહ્યાં હોવ તો, તમારે તમામ જરૂરી ક્ષેત્રો પૂરાં કરવા, તમામ રિપ્રેઝન્ટેશન અને પ્રમાણન પર સહી કરવી, અને જો જરૂર હોય તો, SBA પ્લેટફોર્મમાં તમારી અરજી સબમિટ કરવાની ક્રિયા પૂર્ણ કરવા માટે આવક ઘટાડાના દસ્તાવેજ અપલોડ કરવા આવશ્યક છે. તમારી લોન મોકુફ રાખવાનું ચાલુ રાખવા માટે તમારી માફી અરજી પૂર્ણ કરવી, સહી કરવી, સબમિટ કરવી અને SBA પ્લેટફોર્મ દ્વારા સ્વીકારવી આવશ્યક છે. જ્યારે SBA પ્લેટફોર્મ તમારી માફી અરજી સ્વીકારે ત્યારે તમને પુષ્ટિકરણનો સંદેશો પ્રાપ્ત થશે. જો તમને પુષ્ટિકરણનો સંદેશો પ્રાપ્ત ના થાય તો, જ્યાં સુધી તમે મોકુફીનો સમય પૂરો થાય તે પહેલાં તમારા ધીરાણ કર્તા પાસે માફી અરજી સબમિટ ના કરાવો ત્યાં સુધી, આવરીત સમય પૂરો થાય તે પછી શરૂ થતા દસ મહિનાથી તમારી લોન હવે પછી મોકુફ રાખવામાં આવશે નહીં.

SBA પ્લેટફોર્મ દ્વારા તમારા માફી અરજી સ્વીકારવામાં આવે તે પછી, તમારા ધીરાણ કર્તાને SBA પ્લેટફોર્મ દ્વારા સૂચિત કરવામાં આવશે. તમારા ધીરાણ કર્તા પાસે તમારી માફી અરજી અને સહાયક દસ્તાવેજો (જો લાગુ પડે તો)ની સમીક્ષા કરવા માટે અને SBA પ્લેટફોર્મ દ્વારા

SBAને માફીનો નિર્ણય ઇશ્યુ કરવા માટે, તેમને સૂચના મળ્યાંની તારીખથી 60 દિવસ સુધીનો સમય હોય છે. ધીરાણ કર્તાનો માફી નિર્ણય ઇશ્યુ કર્યા પછી, જો યોગ્ય લાગે તો, ધીરાણ કર્તાને માફી ચુકવણી કરવા માટે SBA પાસે 90 દિવસ હોય છે, જે લોન અથવા લોનની અરજીની કોઇપણ સમીક્ષાને આધીન છે. SBA પ્લેટફોર્મ દ્વારા તમારી માફી અરજી દાખલ કરીને (જો લાગુ પડે તો), તમે SBAને તમારા ધીરાણ કર્તા પાસે તમે જમા કરાવેલી તમારી તમામ માહિતી અને તમામ દસ્તાવેજો શેર કરવાની અધિકૃતતા આપો છો. જો તમે પહેલાંથી જ તમારા ધીરાણ કર્તા પાસે તમારી માફી અરજી સબમિટ કરાવેલી હોય તો, SBA પ્લેટફોર્મ દ્વારા ડુપ્લિકેટ માફી અરજી સબમિટ કરાવશો નહીં.

**જો તમે તમારી માફી અરજી SBA પ્લેટફોર્મ દ્વારા પૂરી કરી રહ્યાં હોવ તો,** SBA તમારા ઇલેક્ટ્રોનિક ફોર્મ **3508**S પર નીચે નોંધ કરવામાં આવ્યા અનુસાર **SBA**ના ઇલેક્ટ્રોનિક ટ્રાન્સમિશન **(**E-TRAN) સિસ્ટમના રેકોર્ડની મદદથી કેટલાક ડેટા ફિલ્ડ અગાઉથી ભરી દેશે**.** તમારા રેકોર્ડ્સ અગાઉથી ભરેલા તમામ ફિલ્ડ સાથે **સંમત છે કે નહીં તેની SBA**ને પુષ્ટિ કરવામાં તમે અસમર્થ હોવ તો**,** તમારે તમારી પીપીપી લોન માટે માફીની અરજી તમારા ધીરાણ કર્તા મારફતે કરવી આવશ્યક છે**.**

**જો તમે તમારા ધીરાણ કર્તા મારફતે તમારી માફીની અરજી સબમિટ કરી રહ્યાં હોવ તો,** તમારે ફોર્મમાં તમામ ડેટા ફિલ્ડ પૂરા કરવા **આવશ્યક છે.** વધુમાં**,** જો તમે **SBA** પ્લેટફોર્મ દ્વારા તમારી માફી અરજી પૂરી કરી રહ્યાં હોવ તો**,** અગાઉથી ભરવામાં ના આવ્યા હોય તેવા તમામ ડેટા ફિલ્ડ તમારે પૂરાં કરવા આવશ્યક છે**.**

**વ્યાપારનું કાયદેસરનું નામ** ("ઉધાર લેનાર")/DBA અથવા ટ્રેડનેમ **(**જો લાગું પડતું હોય**)**/બિઝનેસ **TIN (EIN, SSN):** તમારા ઉધાર લેનારનાં અરજી ફોર્મ (SBA ફોર્મ 2483, SBA ફોર્મ 2483-SD, SBA ફોર્મ 2483-C, SBA ફોર્મ 2483-SD-Cઅથવા ઉધાર આપનારનાં સમતુલ્ય) પર હોય તેવી જ માહિતી દાખલ કરો. જો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં છો તો આ ફિલ્ડ અગાઉથી ભરેલા રહેશે.

**વ્યાપારનું સરનામુ**/NAICS કોડ/વ્યાપારનો ફોન/પ્રાથમિક સંપર્ક/ઇ**-**મેઇલ એડ્રેસ**:** તમારા ઉધાર લેનારનાં અરજી પત્રક પર હોય તેવી જ માહિતી દાખલ કરો, અન્યથા જો સરનામા અથવા સંપર્ક માહિતીમાં કોઇ ફેરફાર થયો હોય. દાખલ કરવામાં આવેલો NAICS કોડ તમારા IRS આવક વેરા ફાઇલિંગો પર પ્રદાન કરેલ વ્યાપાર પ્રવૃત્તિ કોડ સાથે મેચ કરવો જરૂરી છે, જો લાગું પડતું હોય તો. જો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં છો તો આ ફિલ્ડ અગાઉથી ભરેલા રહેશે. જો તમારા સરનામાં અથવા સંપર્કની માહિતીમાં કોઇ ફેરફાર થયો હોય તો, તમે તમારી માફી અરજી સબમિટ કરવા માટે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકશો નહીં.

**પ્રથમ ડ્રો પીપીપી લોન અથવા દ્વિતિય ડ્રો પીપીપી લોન:** આ માફી એપ્લિકેશન જેનાં માટે હોય તે પીપીપી લોનનું વર્ણન કરતું હોય તેવા બોક્સને પસંદ કરો: જો તમે માત્ર એક પીપીપી લોન ધરાવતા હોવ, તો પ્રથમ ડ્રો પીપીપી લોન પસંદ કરો. જો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં છો તો આ ફિલ્ડ અગાઉથી ભરેલા રહેશે.

**SBA** પીપીપી લોન નંબર**:** લોન મંજુર કરતી વખતે SBA દ્વારા ફાળવવામાં આવેલો લોન નંબર દાખલ કરો. જો જરૂર પડે તો ઉધાર આપનારને આ નંબર માટે વિનંતી કરો. જો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં છો તો આ ફિલ્ડ અગાઉથી ભરેલા રહેશે.

**ઉધાર આપનારનો પીપીપી લોન નંબર:** ઉધાર આપનાર દ્વારા પીપીપી લોનને ફાળવવામાં આવેલો નંબર દાખલ કરો. જો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં હોવ તો આ નંબર જરૂરી નથી.

**પીપીપી લોનની રકમ:** પીપીપી લોનની વિતરિત કરવામાં આવેલી મુદ્દલ રકમ દાખલ કરો (ઉધાર આપનાર પાસેથી તમને મળેલી મૂળ લોનની રકમ). જો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં છો તો આ ફિલ્ડ અગાઉથી ભરેલા રહેશે.

**પીપીપી લોન વિતરણ તારીખ:** ઉધાર આપનાર પાસેથી તમે મેળવેલ પીપીપી લોન નાણાની તારીખ દાખલ કરો. જો લોન નાણા એક કરતા વધારે તારીખ પર મેળવ્યા હતા, તો પ્રથમ તારીખ લખો જ્યારે તમે પીપીપી લોનનાં નાણા મેળવ્યા હતા. જો તમે 27 ડીસેમ્બર, 2020 બાદ તમારી પ્રથમ ડ્રો પીપીપી લોન પર તમે અધિકૃત વધારો મેળવ્યો હતો, તો તમારે તે તારીખ દાખલ કરવી જોઇએ જે દિવસે તમારી પીપીપી લોન ઉપજોનું ઓરીજનલ વિતરણ તમને મળ્યું હતું. જો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં છો તો આ ફિલ્ડ અગાઉથી ભરેલા રહેશે.

**પીપીપી લોનમાં વૃદ્ધિની રકમ:** 27 ડીસેમ્બર, 2020 પછી પ્રાપ્ત થયેલી તમારી પ્રથમ ડ્રો પીપીપી લોન પર અધિકૃત વૃદ્ધિની વિતરિત થયેલી રકમ દાખલ કરો (જો લાગુ પડે તો). જો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં છો તો આ ફિલ્ડ અગાઉથી ભરેલા રહેશે.

**પીપીપી લોનમાં વૃદ્ધિની તારીખ:** ઉધાર આપનાર પાસેથી તમારી પ્રથમ ડ્રો પીપીપી લોન પર અધિકૃત વૃદ્ધિની પ્રક્રિયા તમને જ્યારે પ્રાપ્ત થઇ હોય તે તારીખ દાખલ કરો (જો લાગુ પડે તો). જો તમે SBA પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યાં છો તો આ ફિલ્ડ અગાઉથી ભરેલા રહેશે.

**નીચેના ફિલ્ડ ઉધાર લેનારે માફી અરજી સબમિટ કરવાની પદ્ધતિને ધ્યાનમાં લીધા વગર પૂરાં કરવા આવશ્યક છે:**

**લોન અરજીનાં સમયે કર્મચારીઓ:** પીપીપી લોન અરજીનાં સમયે કર્મચારીઓની કુલ સંખ્યા (માલિક/ભાગીદારો સહિત) દાખલ કરો.

**માફી અરજીનાં સમયે કર્મચારીઓ:** ઉધાર લેનાર લોન માફી માટે અરજી કરી રહ્યા હોય તે સમયે કર્મચારીઓની કુલ સંખ્યા (માલિક/ભાગીદારો સહિત) દાખલ કરો.

**આવરીત સમયગાળો:** આવરીત સમયગાળો તે તારીખ પર શરૂ થાય છે જે દિવસે મૂળ રીતે લોન વિતરણ કરવામાં આવી હતી. તે ઉધાર લેનાર દ્વારા પસંદ કરેલી તારીખ પર સમાપ્ત થાય છે જે લોન વિતરણ બાદ ઓછામાં ઓછા 8 સપ્તાહ બાદ હોય છે અને લોન વિતરણની તારીખ પછી 24 સપ્તાહ કરતા વધારે ન હોય. ઉદાહરણ તરીકે, જો ઉધાર લેનારે તેઓની પીપીપી લોનની ઉપજો સોમવાર, એપ્રિલ 20, 2020 નાં રોજ મેળવી હતી, તો આવરીત સમયગાળાનો પ્રથમ દિવસ સોમવાર, એપ્રિલ 20, 2020 છે અને આવરીત સમયગાળાનો અંતિમ દિવસ ઉધાર લેનાર દ્વારા પસંદ કરેલી રવિવાર, જૂન 14, 2020 અને રવિવાર ઓક્ટોબર 4, 2020 વચ્ચેની કોઇપણ તરીખ છે.

**પેરોલ ખર્ચાઓ પર ખર્ચેલ લોનની રકમ:** ઉધાર લેનારાઓ સામાન્ય રીતે આવરીત સમયગાળા દરમિયાન ચૂકવેલા પેરોલ ખર્ચાઓ અથવા થયેલા પેરોલ ખર્ચાઓ માટે માફી માટે લાયક છે. આવરીત સમયગાળા દરમિયાન થયેલા અથવા ચૂકવેલા લાયક પેરોલ ખર્ચાઓની ગણતરી કરવા માટે, નીચે અનુસાર રોકડ વળતર, કર્મચારી લાભો અને માલિકનાં વળતરનો સરવાળો કરો:

<u>રોકડ વળતર:</u> આવરિત સમયગાળા દરમિયાન ચૂકવેલા અથવા થયેલા ગ્રોસ પગાર, ગ્રોસ વેતનો, ગ્રોસ ટિપ્સ, ગ્રોસ કમિશનો, પેઇડ રજાઓ (રજાઓ, પરિવાર, ઔષધ સંબંધી અથવા બિમારી રજા, જેમાં ફેમિલીઝ ફર્સ્ટ કોરોનાવાયરસ રીસ્પોન્સ એક્ટ દ્વારા આવરીત રજાનો સમાવેશ થતો નથી), અને બરતરફી અથવા સેપરેશમ માટેનાં ભથ્થાઓનો સરવાળો. ધ્યાનમાં લેવામાં આવેલા ક્વોલિફાઇ થયેલા વેતનને (a) 2020ના કરદાતા નિશ્ચિતતા અને આપત્તિ કર રાહતની કલમ 206 અને 207 દ્વારા સુધાર્યા અનુસાર, CARES કાયદાની, કલમ 2301 હેઠળ કર્મચારી રિટેન્શન ક્રેડિટ; (b) 2021ના અમેરિકન રેક્સ્યૂ પ્લાન એક્ટ દ્વારા સામેલ કરવામાં આવ્યા અનુસાર, 1986ના આંતરિક રેવેન્યૂ કોડની કલમ 3134 અંતર્ગત કર્મચારી રિટેન્શન ક્રેડિટ (c) 2020ના કરદાતા નિશ્ચિતતા અને આપત્તિ કર રાહત કાયદાની કલમ 303 અંતર્ગત આપત્તિ ક્રેડિટ નક્કી કરવા માટે સામેલ કરશો નહીં. દરેક વ્યક્તિગત કર્મચારી માટે, માફી માટે લાયક રોકડ વળતરની કુલ રકમ આવરિત સમયગાળા માટે પ્રોરેટેડ તરીકે વાર્ષિક $100,000 પગારથી વધારે ન હોઇ શકે. ઉદાહરણ તરીકે, 8-સપ્તાહનાં આવરીત સમયગાળા માટે, મહત્તમ $15,385 છે; 24-સપ્તાહનાં આવરીત સમયગાળા માટે, મહત્તમ $46,154 છે. તમે માત્ર એવા કર્મચારીઓનું વળતર સામેલ કરી શકો છો જેઓને ઉધાર લેનાર દ્વારા આવરિત સમયગાળા દરમિયાન કોઇપણ બિંદુ પર નોકરી પર રાખવામાં આવ્યા હતા જેઓનું મુખ્ય નિવાસ સ્થાન યુનાઇટેડ સ્ટેટ્સમાં હોય.

<u>કર્મચારી લાભો:</u> ઉધાર લેનાર દ્વારા આ માટે ચૂકવેલી કુલ રકમ:

1. ઉધાર લેનાર દ્વારા કર્મચારી જૂથ, આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અતવા દાંતના વીમા માટે નોકરીપ્રદાતાનાં યોગદાન, સ્વ-વીમીત, નોકરીપ્રદાતા-પ્રાયોજીત ગ્રુપ આરોગ્ય પ્લાનમાં નોકરીપ્રદાતાનાં યોગદાનો સહિત, પરંતુ કર્મચારીઓ દ્વારા કોઇપણ કરવેરા-પૂર્વેનાં અથવા કરવેરા પછીનાં યોગદાનોનો સમાવેશ થતો નથી. સ્વ-રોજગાર વ્યક્તિઓ, જનરલ પાર્ટનરો, અથવા એસ-કોર્પોરેશનનાં માલિક-કર્મચારીઓ વતીકરવામાં આવેલા આ લાભો માટેનાં યોગદાનો ઉમેરશો નહીં, કારણ કે આવી ચૂકવણીઓને અગાઉ તેઓનાં વળતરમાં સામેલ કરવામાં આવેલી હોય છે. ઉપરાંત, 1986 ના આંતરિક રેવેન્યૂ કોડની કલમ 6432 અંતર્ગત ક્રેડિટ નક્કી કરવા માટે ધ્યાનમાં લેવામાં આવેલ CORBRA કન્ટિન્યુએશન કવરેજ માટે પ્રીમિયમ ઉમેરશો નહીં.
2. કર્મચારી નિવૃત્તિ યોજનાઓમાં નોકરીપ્રદાતાનાં યોગદાનો, જેમાં કર્મચારીઓ દ્વારા કોઇપણ કરવેરા-પૂર્વેનાં અથવા કરવેરા પછીનાં યોગદાનોનો સમાવેશ થતો નથી. સ્વ-રોજગાર વ્યક્તિઓ અથવા જનરલ પાર્ટનરો વતી કરવામાં આવેલા નોકરીપ્રદાતાનાં રીટાયરમેન્ટ યોગદાનો ઉમેરશો નહીં, કારણ કે આવી ચૂકવણીઓને અગાઉ તેઓનાં વળતરમાં સામેલ કરવામાં આવેલી હોય છે.

3. કર્મચારી વળતર પર આકારવામાં આવેલા અને ઉધાર લેનાર દ્વારા ચૂકવવામાં આવેલા નોકરીપ્રદાતા સ્ટેટ અને સ્થાનિક કરવેરાઓ (દા.ત. સ્ટેટ બેરોજગારી વીમા કરવેરો); કર્મચારીની આવકોમાંથી રાખી મૂકેલા કોઇપણ કરવેરાઓનો સમાવેશ થતો નથી.

<u>માલિક વળતર:</u> ઉધાર લેનારે માલિકોને (5% અથવા વધારે માલિકી હિસ્સો ધરાવતા હોય તેવા), સ્વ-રોજગાર વ્યક્તિ, અથવા જનરલ પાર્ટનર) ચૂકવી હોય તેવી કોઇપણ રકમો. તમામ વ્યાપારોમાં કુલ તરીકે દરેક વ્યક્તિગત માલિક માટે, આ રકમની ઉપલી મર્યાદા (a) $20,833 ($100,000 પ્રતિ વર્ષ ને સમતુલ્ય 2.5 મહિના), અથવા (b) લોન રકમની ગણતરી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ વર્ષમાં (2019 અથવા 2020) વ્યક્તિનાં લાગું પડતા વળતરને સમતુલ્ય 2.5-મહિના. જો ઉધાર લેનારે SBA ફોર્‌મ 2483-C અથવા 2483-SD-C નો ઉપયોગ કરીને લોન માટે અરજી કરી હોય તો, માલિકના વળતરમાં પ્રોપરાઇટર ખર્ચાઓ (વ્યવસાય ખર્ચા વત્તા માલિકનું વળતર) સામેલ છે. પ્રોપરાઇટર ખર્ચાઓ ઉધાર લેનારની કુલ આવક અને કર્મચારી પેરોલ ખર્ચાઓ વચ્ચેના તફાવતને સમાન કરે છે. ઉધાર લેનારના પ્‌રોપરાઇટર ખર્ચાઓની ઉપલી મર્યાદા (a) $20,833 (2.5- મહિના જે $100,000 પ્રતિ વર્ષને સમકક્ષ છે) અથવા (b) વર્ષમાં ઉધાર લેનારની કુલ આવકના 2.5-મહિનાની સમકક્ષ કે જેનો ઉપયોગ લોનની રકમની ગણતરી કરવા માટે થયો હતો (2019 અથવા 2020) બંનેમાંથી જે ઓછી રકમ હોય ત્યાં સુધી મર્‌યાદિત કરવામાં આવી છે.

પેચેક વિતરીત કરવામાં આવે અથવા ઉધાર લેનાર ACH ક્રેડિટ ટ્રાન્ઝેક્શન ઓરિજિનેટ કરે તે દિવસે પેરોલ ખર્ચાઓ ચૂકવ્યા હોવાનું ગણવામાં આવે છે. કર્મચારી પગાર ચૂકવણી મેળવે તે દિવસે પેરોલ ખર્ચાઓ થયા હોવાનું ગણવામાં આવે છે. ઉધાર લેનારને પેરોલ ખર્‌ચાઓ થયા હોય પરંતુ આવરીત સમયગાળાનાં અંતિમ ચૂકવણી સમયગાળા દરમિયાન ચૂકવાયા ન હોય તે જો આગામી નિયમિત પેરોલ તારીખ પર અથવા પહેલા ચૂકવવામાં આવે તો માફી માટે લાયક છે. અન્યથા, આવરીત સમયગાળા દરમિયાન પેરોલ ખર્ચાઓ ચૂકવવા અનિવાર્ય છે. બન્ને ચૂકવેલા અને થયેલા પેરોલ ખર્ચાઓ માત્ર એકવખત જ ગણવા. માત્ર એવા કર્મચારીઓ માટે પેરોલ ખર્ચાઓ સામેલ કરો જેઓનું રહેઠાણનું પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ હોય. પેરોલ ખર્ચાઓ તરીકે શું લાયક બને છે તેનાં પરની માહિતી માટે, 18 માર્ચ 2021 ના રોજ પોસ્ટ કરેલ SBA ના ઇન્ટરિમ ફાઇનલ રૂલમાં સુધારા કર્ય‌ા અનુસાર (86 FR 15083), 6 જાન્યુઆરી, 2021 ના રોજ પોસ્ટ કરેલ SBA નો ઇન્ટરિમ ફાઇનલ રુલ જુઓ (86 FR 3692). SBA Form 2483-C or 2483-SD-C નો ઉપયોગ કરીને અરજી કરનારા ઉધાર લેનારાઓ માટે પેરોલ ખર્ચાઓ તરીકે શું લાયક બને છે તેનાં પરની માહિતી માટે, 18 માર્ચ 2021 ના રોજ પોસ્ટ કરેલ SBA ના ઇન્ટરિમ ફાઇનલ રૂલમાં સુધારા કર્યા અનુસાર (86 FR 15083), 3 માર્ચ, 2021 ના રોજ પોસ્ટ કરેલ લોનની રકમની ગણતરી અને લાયકાત માટે SBA નો ઇન્ટરિમ ફાઇનલ રુલ જુઓ (86 FR 13149).

**વિનંતી કરેલ લોન માફી રકમ:** લોન માફી માટે લાયક હોય તેવી તમારી પીપીપી લોનની કુલ રકમ દાખલ કરો. આ રકમ "પેરોલ ખર્ચાઓ પર ખર્ચેલી લોનની રકમ" વત્તા લાયક નોનપેરોલ ખર્ચાઓ (નીચે વર્ણવેલ) પર ખર્ચ કરેલ કોઇપણ રકમ ઓછા કોઇપણ આવશ્યક ઘટાડાઓ (નીચે વર્ણવેલ), પીપીપી લોનની મુદ્દલ રકમ સુધી બરાબર છે.

<u>નોનપેરોલ ખર્ચાઓ:</u> નોનપેરોલ ખર્ચાઓમાં આનો સમાવેશ થાય છે:

a. આવરિત મોર્ગેજ જવાબદારીઓ: 15 ફેબ્રુઆરી, 2020 પહેલા થયેલ વાસ્તવિક અથવા વ્યક્તિગત સંપત્તિ પરની કોઇપણ વ્યવસાય ગીરો જવાબદારી પર ("વ્યવસાય ગીરો વ્યાજ ચૂકવણીઓ") મોર્ગેજ વ્યાજની ચૂકવણીઓ (કોઇપણ મુદ્દલની પૂર્વચૂકવણી અથવા ચૂકવણીનો સમાવેશ થતો નથી);
b. આવરિત ભાડાની જવાબદારીઓ: 15, ફેબ્રુઆરી, 2020 પહેલા અમલમાં હોય તેવા ભાડા કરારોનાં સંબંધમાં આવરિત સમયગાળા દરમિયાન વાસ્તવિક અથવા વ્યક્તિગત વ્યાપાર ભાડા અથવા લીઝની ચૂકવણીઓ ("બિઝનેસ રેન્ટ અથવા લીઝ ચૂકવણીઓ");
c. આવરિત સુવિધા ચૂકવણીઓ: જેના માટે 15 ફેબ્રુઆરી, 2020 પહેલા સેવ‌ા શરૂ થઇ હોય તેવા વિદ્યુત, ગેસ, પાણીનાં વિતરણ, પરિવહન, ટેલીફોનનાં, અથવા ઇન્ટરનેટ એક્સેસ માટે સેવા માટેની બિઝનેસ ચૂકવણીઓ ("વ્યાપાર સુવિધા ચૂકવણીઓ");

d. આવરીત કામગીરીઓનાં ખર્ચાઓ: કોઇપણ એવા બિઝનેસ સોફ્ટવેર અથવા ક્લાઉડ કોમ્પ્યુટિંગ સર્વિસ માટેની ચૂકવણીઓ જે બિઝનેસ કામગીરીઓ, ઉત્પાદન અથવા સેવા પહોંચાડવામાં, પેરોલ ખર્ચાઓનાં પ્રક્રિયાકરણ, ચૂકવણી અથવા ટ્રેકિંગમાં, માનવ સંસાધનમાં, વેચાણ અને બિલ બનાવવાનાં કાર્યોમાં, અથવા પૂરવઠાઓ, ઇન્વેન્ટરી, રેકોર્ડ્સ, અને ખર્ચાઓનાં ટ્રેકિંગનાં એકાઉન્ટિંગની સુવિધા પ્રદાન કરે;

e. આવરીત પ્રોપર્ટીની નુકશાનીઓનાં ખર્ચાઓ: વીમા અથવા અન્ય વળતર દ્વારા આવરવામાં આવ્યા ન હતા તેવા 2020 દરમિયાન થયેલા જાહેર ખલેલને કારણે થયેલ પ્રોપર્ટીની નુકશાની અને તોડફોડ તથા લૂંટફાટ સંબંધિત ખર્ચાઓ;

f. આવરીત સપ્લાયરનાં ખર્ચાઓ: આવરીત સમયગાળાની શરૂઆત પહેલા અસરમાં રહેલા કોન્ટ્રાક્ટ, ઑર્ડર, અથવા પર્ચેઝ ઑર્ડરનાં સંબંધમાં કરેલા, અને જે તે સમયે ઉધાર લેનારની કામગીરીઓ માટે અતિ મહત્વનાં હોય તેવા માલસામાનનાં પૂરવઠા માટે માલસામાનનાં સપ્લાયરો તરફ થયેલા ખર્ચાઓ (નાશ પામી શકે તેવા માલસામાન માટે, આવરીત સમયગાળા દરમિયાન કોઇપણ સમયે અથવા પહેલા અમલમાં હોય તેવા કોન્ટ્રાક્ટ, ઑર્ડર અથવા પરચેઝ ઑર્ડર માટે); અને

g. આવરીત કર્મચારી રક્ષણ ખર્ચાઓ: એવા ઓપરેટિંગ અથવા મૂડી ખર્ચાઓ જે 1 માર્ચ, 2020 નાં રોજ શરૂ થતા અને કોવિડ-19 સંબંધિત સ્વચ્છતા જાળવણી ધારાધોરણો, સોશિયલ ડિસ્ટન્સિંગ, અથવા અન્ય કોઇપણ કર્મચારી અથવા ગ્રાહક સુરક્ષા આવશ્યકતા સંબંધિત કોરોનાવાયરસ રોગ 2019 (કોવિડ-19) સંબંધમાં પ્રેસિડેન્ટ દ્વારા જાહેર કરવામાં આવેલ રાષ્ટ્રીય આપાત્તકાલીન સમાપ્ત થવાની તારીખ વચ્ચેનાં સમયગાળા દરમિયાન ડીપાર્ટમેન્ટ ઑફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસીસ, સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલ, અથવા ઓક્યુપેશનલ સેફ્ટી એન્ડ હેલ્થ એડમિનિસ્ટ્રેશન દ્વારા જારી કરવામાં આવેલ સ્થાપિત આવશ્યકતાઓ અથવા માર્ગદર્શનનું, અથવા સ્ટેટ અથવા લોકલ ગવર્મેન્ટ દ્વારા જારી કરવામાં આવેલસ્થાપિત આવશ્યકતાઓ અથવા માર્ગદર્શનનું અનુપાલન કરવા સંસ્થાની વ્યાપાર પ્રવૃત્તિઓનાં સાનુકૂલનની સુવિધા આપવા માટે હોય, પરંતુ રહેવાસની વાસ્તવિક પ્રોપર્ટી અથવા અમૂર્ત પ્રોપર્ટીનો સમાવેશ કરતા નથી.

લાયક નોનપેરોલ ખર્ચાઓ કુલ માફી રકમનાં 40% થી વધી શકતા નથી. લાયક પેરોલ ખર્ચ આવરિત સમયગાળા દરમિયાન ચૂકવવો અથવા આવરિત સમયગાળા દરમિયાન થવો અનિવાર્ય છે અને બિલની તારીખ આવરિત સમયગાળા પછી હોય તો પણ આગામી રેગ્યુલર બિલની તારીખ પહેલા ચૂકવવો અનિવાર્ય છે. એવા નોનપેરોલ ખર્ચાઓ જ ગણવા જેઓ બન્ને ચૂકવેલા અને થયેલા પેરોલ ખર્ચાઓ માત્ર એકવખત જ ગણ્યા હોય.

<u>FTE અને પગાર/વેતન ઘટાડાઓ:</u> $50,000 કરતા વધારે પીપીપી લોન મેળવેલ હોય તેવા ઉધાર લેનારાઓ અને $50,000 કરતા ઓછા એવા ઉધાર લેનારાઓ જેઓએ તેઓનાં આનુષંગિકો સાથે મળીને કુલ $2 મિલિયન અથવા વધારે પ્રથમ ડ્રો પીપીપી લોન મેળવી હતી અથવા કુલ $2 મિલિયન અથવા વધારે દ્વિતિય ડ્રો પીપીપી લોન મેળવી હતી તેઓએ પૂર્ણ-કાલીન સમતુલ્ય કર્મચારીઓ અથવા કર્મચારી પગાર અને વેતનોમાં ઘટાડા સંબંધિત વૈધાનિક આવશ્યકતાઓને કારણે તેઓની "વિનંતી કરેલ લોન માફીની રકમ" એડજસ્ટ કરવી અનિવાર્ય છે. આવા ઉધાર લેનાર કોઇપણ ઘટાડાઓને આધીન નથી જો ઉધાર લેનારનાં અધિકૃત પ્રતિનિધિ પ્રમાણિત કરી શકે (1) કે ઉધાર લેનારે આવરીત સમયગાળા પહેલાનાં સૌથી તાજેતરનાં એક સંપૂર્ણ ત્રિમાસિકની તુલનામાં આવરીત સમયગાળા દરમિયાન કોઇપણ કર્મચારીનાં વાર્ષિક પગારો અથવા કલાકનાં વેતનોમાં 25 ટકા કરતા વધારે ઘટાડો કર્યો ન હતો, અને (2) કે કાંતો (a) 1 જાન્યુઆરી, 2020 અને આવરીત સમયગાળાની સમાપ્તિ વચ્ચે કર્મચારીઓની સંખ્યામાં અથવા કર્મચારીઓનાં સરેરાશ ચૂકવણી કલાકોમાં ઘટાડો કર્યો ન હતો અથવા (b) ઉધાર લેનાર આરોગ્ય અને માનવ સેવાઓનાં સચિવ, રોગ નિયંત્રણ અને અટકાવ માટેનાં કેન્દ્રોનાં નિર્દેશક, અથવા વ્યવસાયિક સુરક્ષા અને આરોગ્ય વ્યવસ્થાપન દ્વારા 1 માર્ચ, 2020 અને 31 ડિસેમ્બર, 2020 વચ્ચે (અથવા, 27 ડીસેમ્બર, 2020 બાદ કરવામાં આવેલી પીપીપી લોન માટે, સ્થાપિત આવશ્યકતાઓ અથવા 1 માર્ચ 2020 અને આવરીત સમયગાળાનાં અંતિમ દિવસ વચ્ચે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા, સ્વચ્છતાનાં માપદંડોની જાળવણી, સામાજિક અંતર જાળવવા સંબંધિત અથવા કોવિડ-19, 2020 સંબંધિત અન્ય કોઇ કાર્ય કે ગ્રાહક સુરક્ષાની આવશ્યકતા સંબંધિત સ્થાપિત કરવામાં આવેલી આવશ્યકતાઓ અથવા જારી કરવામાં આવેલા માર્ગદર્શન સાથેનાં અનુપાલનનાં કારણે આવરીત સમયગાળા દરમિયાન 15 ફેબ્રુઆરી, 2020 પહેલા જેવું વ્યાપારની પ્રવૃત્તિનું સ્તર કાર્યરત રાખવા અસક્ષમ હતા. જો ઉધાર લેનાર આ આવશ્યકતાઓ પૂર્ણ ન કરે અને તે સંભવીત રીતે તેની વિનંતી કરેલ લોન માફીની રકમનાં

ઘટાડાને આધીન હોય, તો ઉધાર લેનારે તેની વિનંતી કરેલ લોન માફીની રકમની ગણતરી કરવા માટે SBA ફોર્મ 3508 અને તેની સૂચનાઓનું પાલન કરવું અનિવાર્ય છે. આ માફી એપ્લિકેશન સાથે ઉધાર લેનારે ફોર્મ 3508 અથવા અન્ય કોઇપણ સંબંધિત દસ્તાવેજો સબમિટ કરવાની આવશ્યકતા ન હોઇ શકે. જોકે, SBA તેની લોન સમીક્ષા અને ઓડિટ પ્રક્રિયાઓનાં ભાગ રૂપે તે ગણતરીઓની સમીક્ષા કરવા માટે માહિતી અને દસ્તાવેજોની વિનંતી કરી શકે છે.

**ઉધાર લેનારની જવાબદારીઓ:** ઉધાર લેનારે સ્મોલ બિઝનેસ એક્ટનાં પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામનાં રુલ્સ (કલમો 7(a)(36), (7)(a)(37), અને 7A, પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રુલ્સ, અને આ એપ્લિકેશનની તારીખ સુધીમાં SBA દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શિકા)માં રહેલી તમામ આવશ્યકતાઓનું અનુપાલન કરવું અનિવાર્ય છે, અને લોન માફી એપ્લિકેશન પર તેનાં અનુપાલનનું પ્રમાણિકરણ કરવું અનિવાર્ય છે. તે આવશ્યકતાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- વિનંતી કરેલ લોન માફીની રકમ (જે પીપીપી લોનની મુદ્દલ રકમથી વધતી ન હોય):
  - માફી માટે લાયક હતા તેવા આવરિત સમયગાળા દરમિયાન બિઝનેસ ખર્ચાઓની ચૂકવણી કરવા માટે ઉધાર લેનાર દ્વારા વાપરવામાં આવી હતી (કર્મચારીઓ પાછા મેળવવા માટેનાં પેરોલ ખર્ચાઓ; બિઝનેસ મોર્ગોજ વ્યાજની ચૂકવણીઓ; બિઝનેસ રેન્ટ અથવા લીઝની ચૂકવણીઓ; બિઝનેસ સુવિધાઓની ચૂકવણીઓ; આવરીત કામગીરીઓની ચૂકવણીઓ; આવરીત પ્રોપર્ટીનાં નુકશાનનાં ખર્ચાઓ; આવરીત સપ્લાયર ખર્ચાઓ; અથવા આવરીત કર્મચારી રક્ષણ ખર્ચાઓ);
  - વિનંતી કરેલ લોન માફી રકમના ઓછામાં ઓછા 60% જેટલા પેરોલ ખર્ચાઓનો સમાવેશ થાય છે;
  - કોઇપણ માલિક-કર્મચારી (5% અથવા વધારે માલિકી હિસ્સો ધરાવતા) અથવા સ્વ-રોજગાર વ્યક્તિ/જનરલ પાર્ટનર માટે, પીપીપી લોન રકમની ગણતરી કરવા માટે વપરાતા વર્ષ દરમિયાન મેળવેલ વળતરની રકમ 2.5 મહિનાથી વધારે ન થતી હોય, અને તમામ બિઝનેસોમાં કુલ $20,833 પ્રતિ વ્યક્તિ સુધીની ઉપરી મર્યાદા કરેલ છે; અને
  - $50,000 કરતા વધારેની લોનો માટે અને એવી $50,000 અથવા ઓછી લોન જે ઉધાર લેનારાઓએ તેઓનાં આનુષંગિકો સાથે મળીને કુલ $2 મિલિયન અથવા વધારે પ્રથમ ડ્રો પીપીપી લોન મેળવી હતી અથવા કુલ $2 મિલિયન અથવા વધારે દ્વિતિય ડ્રો પીપીપી લોન મેળવી હતી, તેઓએ **(A)** અથવા **(B)** માંથી કોઇ એક આવશ્યકતા પૂર્ણ કરવી અનિવાર્ય છે: **(A)** ઘટાડાઓને આધીન નથી કારણે કે ઉધાર લેનારે આવરીત સમયગાળા પહેલાનાં સૌથી તાજેતરનાં એક સંપૂર્ણ ત્રિમાસિકની તુલનામાં આવરીત સમયગાળા દરમિયાન કોઇપણ કર્મચારીનાં વાર્ષિક પગારો અથવા કલાકનાં વેતનોમાં 25 ટકા કરતા વધારે ઘટાડો કર્યો ન હતો, અને કાં તો (1) 1 જાન્યુઆરી, 2020 અને આવરીત સમયગાળાની સમાપ્તિ વચ્ચે કર્મચારીઓની સંખ્યામાં અથવા કર્મચારીઓનાં સરેરાશ ચૂકવણી કલાકોમાં ઘટાડો કર્યો ન હતો અથવા (2) ઉધાર લેનાર આરોગ્ય અને માનવ સેવાઓનાં સચિવ, રોગ નિયંત્રણ અને અટકાવ માટેનાં કેન્દ્રોનાં નિર્દેશક, અથવા વ્યવસાયિક સુરક્ષા અને આરોગ્ય વ્યવસ્થાપન દ્વારા 1 માર્ચ, 2020 અને 31 ડિસેમ્બર, 2020 વચ્ચે (અથવા, 27 ડીસેમ્બર, 2020 બાદ કરવામાં આવેલી પીપીપી લોન માટે, સ્થાપિત આવશ્યકતાઓ અથવા 1 માર્ચ 2020 અને આવરીત સમયગાળાનાં અંતિમ દિવસ વચ્ચે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા, સ્વચ્છતાનાં માપદંડોની જાળવણી, સામાજિક અંતર જાળવવા સંબંધિત અથવા કોવિડ-19 સંબંધિત અન્ય કોઇ કાર્ય કે ગ્રાહક સુરક્ષાની આવશ્યકતા સંબંધિત સ્થાપિત કરવામાં આવેલી આવશ્યકતાઓ અથવા જારી કરવામાં આવેલા માર્ગદર્શન સાથેનાં અનુપાલનનાં કારણે આવરીત સમયગાળા દરમિયાન 15 ફેબ્રુઆરી, 2020 પહેલા જેવું વ્યાપારની પ્રવૃત્તિનું સ્તર કાર્યરત રાખવા અસક્ષમ હતા, **અથવા (B)** ઉધાર લેનારે SBA ફોર્મ 3508 અને તેની સૂચનાઓમાં વર્ણવ્યા અનુસારનાં કોઇપણ આવશ્યક ઘટાડાઓનો સમાવેશ કર્યો હતો.
- ઉધાર લેનારે સચોટ રીતે વિનંતી કરેલી લોન માફીની રકમની ગણતરી કરવી જોઇએ અને તેમાં સામેલ કરેલ લાયક ખર્ચાઓ માટેની ચૂકવણીઓની ખરાઇ કરવી જોઇએ.
- જો દ્વિતિય ડ્રો પીપીપી લોન માટે લોન માફી એપ્લિકેશન સબમિટ કરવામાં આવી રહી હોય, તો ઉધાર લેનારે તમામ આવશ્યક આવક ઘટાડાનાં દસ્તાવેજોનું પાલન કરવું અનિવાર્ય છે અને દ્વિતિય ડ્રો પીપીપી લોનનું વિતરણ કરવામાં આવે તે પહેલાં તમામ પ્રથમ ડ્રો પીપીપી લોનની રકમોનો લાયક ખર્ચાઓ પર ઉપયોગ કર્યો હોવો અનિવાર્ય છે.

જો ભંડોળનો જાણીજોઈને અનધિકૃત હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવ્યો હોય, તો સંઘીય સરકાર લોનની રકમ અને/અથવા નાગરિક અથવા ગુનાહિત છેતરપિંડી શુલ્ક વસૂલી શકે છે.

**એવા દસ્તાવેજો જે દરેક ઉધાર લેનારે જાળવવા અનિવાર્ય છે પરંતુ સબમિટ કરવાની આવશ્યકતા નથી**

**પેરોલ:** આવરિત સમયગાળામાંથી લાયક રોકડ વળતર અને બિન-રોકડ લાભ ચૂકવણીઓની ખરાઇ કરતા દસ્તાવેજીકરણમાં નીચેનાં દરેકનો સમાવેશ થાય છે:

a. કર્મચારીઓને ચૂકવેલ રોકડ વળતરની રકમ દસ્તાવેજીકૃત કરતા બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ અથવા ત્રીજા-પક્ષનાં પેરોલ સેવા પ્રદાતાનાં અહેવાલો.
b. આવરિત સમયગાળા સાથે ઓવરલેપ થતા સમયગાળાઓ માટે કરવેરા પત્રકો (અથવા સમતુલ્ય ત્રીજા પક્ષનાં પેરોલ સેવા પ્રદાતાનાં અહેવાલો):
    i. IRS ને રીપોર્ટ કરેલા પેરોલ ટેક્સ ફાઇલિંગ, અથવા જે રીપોર્ટ કરવામાં આવશે (સામાન્ય રીતે, ફોર્મ 941); અને
    ii. સ્ટેટને ત્રિમાસિક વ્યાપાર અને વ્યક્તિગત કર્મચારી વેતનનું રીપોર્ટિંગ અને સંબંધિત સ્ટેટને રીપોર્ટ કરેલા બેરોજગારી વીમા કરવેરા ફાઇલિંગ, અથવા જે રીપોર્ટ કરવાનાં છે.
c. ચૂકવણીની રસીદો, કેન્સલ કરેલા ચેક, અથવા કર્મચારી જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અથવા દાંતનાં વીમા અને નિવૃત્તિ યોજનાઓમાં કોઇપણ નોકરીપ્રદાતાનાં યોગદાનોની રકમ દસ્તાવેજીત કરતા એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ જેને ઉધાર લેનારે વિનંતી કરેલ માફી રકમમાં સામેલ કર્યા હતા.

**નોનપેરોલ:** કેટેગરીઓ a-c માટે, 15 ફેબ્રુઆરી, 2020 પહેલાની જવાબદારીઓ/સેવાઓ અસ્તિત્વમાં હોવાની અને તમામ કેટેગરીઓ માટે, આવરિત સમયગાળામાંથી લાયક ચૂકવણીઓની ખરાઇ કરતું દસ્તાવેજીકરણ.

a. વ્યવસાય ગીરો વ્યાજ ચૂકવણીઓ: ઉધાર આપનારનાં એમોર્ટાઇઝેશન શેડ્યુલની નકલ અને રસીદો અથવા કેન્સલ કરેલા ચેક જે આવરિત સમયગાળામાંથી લાયક ચૂકવણીઓની ખરાઇ કરતા હોય; અથવા વ્યાજની રકમો અને લાયક ચૂકવણીઓની ખરાઇ કરતા ફેબ્રુઆરી 2020થી અને આવરિત સમયગાળાનાં મહિનાઓથી આવરિત સમયગાળાની સમાપ્તિ બાદ એક મહિના સુધીનાં ઉધાર આપનારનાં એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ.
b. બિઝનેસ રેન્ટ અથવા લીઝ ચૂકવણીઓ: હાલનાં લીઝ એગ્રીમેન્ટની નકલ અને રસીદો અથવા કેન્સલ કરેલા ચેક જે આવરિત સમયગાળામાંથી લાયક ચૂકવણીઓની ખરાઇ કરતા હોય; અથવા લાયક ચૂકવણીઓની ખરાઇ કરતા ફેબ્રુઆરી 2020થી અને આવરિત સમયગાળાનાં મહિનાઓથી આવરિત સમયગાળાની સમાપ્તિ બાદ એક મહિના સુધીનાં લીઝ પર આપનારનાં એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ.
c. વ્યાપાર સુવિધા ચૂકવણીઓ: ફેબ્રુઆરી 2020થી અને આવરિત સમયગાળા દરમિયાન ચૂકવેલા ઇન્વેઇસીસની નકલ અને રસીદો, કેન્સલ કરેલા ચેક, અથવા તે લાયક ચૂકવણીઓની ખરાઇ કરતા એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ.
d. આવરીત ઓપરેશનોનાં ખર્ચાઓ: આવરિત સમયગાળા દરમિયાન ચૂકવેલા ઇન્વેઇસીસ, ઑર્ડરો અથવા પર્ચેઝ ઑર્ડરોની નકલ અને રસીદો, રદ કરેલા ચેક, અથવા તે લાયક ચૂકવણીઓની ખરાઇ કરતા એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ.
e. આવરીત પ્રોપર્ટીની નુકશાનીઓનાં ખર્ચાઓ: આવરીત સમયગાળા દરમિયાન ચૂકવણી કરી હતી તેવા ઇન્વોઇસ, ઑર્ડરો અથવા પરચેઝ ઑર્ડરોની નકલ અને રસીદો અને કેન્સલ કરેલા ચેક, અથવા એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ જે લાયક ચૂકવણીઓની ખરાઇ કરતા હોય, અને એવા દસ્તાવેજો જેમાં ખર્ચાઓ 2020 દરમિયાન થયેલ જાહેર ખલેલનાં કારણે થયે પ્રોપર્ટીનાં નુકશાન અને તોડફોડ તથા લૂટફાટ સંબંધિત હતા અને વીમા અથવા અન્ય વળતર દ્વારા આવરી લેવામાં આવ્યા ન હતા.
f. આવરીત સપ્લાયરનાં ખર્ચાઓ: આવરીત સમયગાળા પહેલાનાં કોઇપણ સમય પર અસરમાં હોય તેવા કોન્ટ્રેક્ટ્સ, ઑર્ડરો અથવા પરચેઝ ઑર્ડરોની નકલ (નાશ પામે તેવા માલસામાન સિવાય માટે), આવરીત સમયગાળા દરમિયાન ચૂકવેલા કોન્ટ્રેક્ટ્સ, ઑર્ડરો અથવા પરચેઝ ઑર્ડરોની નકલ અને તે લાયક ચૂકવણીઓની ખરાઇ કરતી રસીદો, કેન્સલ કરેલા ચેક અથવા એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ.

g. આવરીત કર્મચારી રક્ષણ ખર્ચાઓ: આવરીત સમયગાળા દરમિયાન ચૂકવેલા કોન્ટ્રેક્ટ્સ, ઑર્ડરો અથવા પરચેઝ ઑર્ડરોની નકલ અને તે લાયક ચૂકવણીઓની ખરાઇ કરતી રસીદો, કેન્સલ કરેલા ચેક અથવા એકાઉન્ટ સ્ટેટમેન્ટ્સ, અને એવા દસ્તાવેજો જે આવરીત સમયગાળા દરમિયાન લાગું પડતી કોવિડ-19 માર્ગદર્શિકા સાથે અનુપાલન કરવા ઉધાર લેનાર દ્વારા ખર્ચાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હોય.

**અન્ય રેકોર્ડ્સ:** ઉધાર લેનારની પીપીપી લોન સંબંધિત તમામ રેકોર્ડ્સ, તેની પીપીપી લોન અરજી સાથે સબમિટ કરેલા દસ્તાવેજો, પીપીપી લોન માટે તેની લાયકાત અંગેનાં ઉધાર લેનારનાં (જો લાગું પડતું હોય તો, દ્વિતિય ડ્રો પીપીપી લોન માટે ઉધાર લેનારની આવકનાં ઘટાડાનાં પ્રમાણિકરણ સહિત) સપોર્ટિંગ દસ્તાવેજો, ઉધાર લેનારની લોન માફી અરજીને સપોર્ટ કરતા આવશ્યક દસ્તાવેજો, અને ઉધાર લેનાર દ્વારા મહત્વપૂર્ણ રીતે પીપીપી આવશ્યકતાઓનું અનુપાલન કરતા હોવાનું નિરૂપણ કરતા દસ્તાવેજો સહિત.

**રેકોર્ડ્સ જાળવણીની આવશ્યકતાઓ:** ઉધાર લેનારે ઉધાર આપનારને લોન માફી કર્યાની સબમિટ કર્યાની તારીખ બાદ ચાર વર્ષ માટે તેની ફાઇલોમાં તમામ નોકરી રેકોર્ડ્સ/પેરોલ દસ્તાવેજો અને ત્રણ વર્ષ માટે અન્ય તમામ દસ્તાવેજો જાળવી રાખવા અનિવાર્ય છે, અને SBA નાં અધિકૃત પ્રતિનિધિઓને તેની ઇન્સપેક્ટર જનરલની ઓફિસનાં પ્રતિનિધિઓ સહિત વિનંતી પર આવી ફાઇલો ઍક્સેસ કરવાની પરવાનગી આપવી અનિવાર્ય છે. સંબંધિત ફેડરલ, સ્ટેટ અથવા અન્ય વૈધાનિક અથવા નિયમનકારી આવશ્યકતાઓ પૂર્ણ કરવા અથવા SBA લોન સમીક્ષા અથવા ઑડિટનાં સંબંધમાં ઉધાર લેનારે ઉધાર આપનારને સ્વતંત્ર રીતે દસ્તાવેજો પ્રદાન કરવા અનિવાર્ય છે.